# શહેરમાં ઉદ્ગમ સુરોત્સવ યોજાયો




ગાંધીનગર, તા. ૧૬

શહેરની જાણીતી ઉદ્ગમ સંસ્થા દ્વારા ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય સંગીતને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને શારદા મ્યુઝિક ફાઉન્ડેશન વારાણસીના સહયોગથી તા. ૧૫ ડિસેમ્બરના રોજ ઉદ્ગમ સુરોત્સવનું સે. ૧૯ જીમખાના ખાતે આયોજન કરવામાં આવ્યુ હતુ.

ઉદ્ગમ સુરોત્સવમાં પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય કલાકારો ભારતના પંડિત સિદ્ધાર્થ બેનર્જી ''સિદ્ધિ વીણા'' તથા નોર્વેથી આવેલા યુરોપના ગિટારવાદક ઓલે આંદ્રે ફર્સડ સાથે ગાંધીનગરના બલ્લુ સિંધા દીપ વ્યાસ અને ભાવિક દવે દ્વારા સંગીતની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આ સુરોત્સવમાં કલાકારોએ રાગ યમન ગઝલની પ્રસ્તુતિ ઉપરાંત ૭૦ના દાયકા અને હાલના ફિલ્મીગીતોનું ફ્યુઝન વગાડ્યા બાદ ભૈરવી રાગ વગાડી કલાકારોએ દર્શકોના મન મોહી લીધા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી સી.વી. સોમ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન અને આભારદર્શન ડૉ. મયુર જોશી દ્વારા તથા સંચાલન સુરેશ રાવ દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ધ્રુવભાઈ જોષી, આશાબેન સરવૈયા, વૈજંતિબેન ગુપ્તે, સંજય પ્રજાપતિ, અંજલી ચૌહાણ તથા વોલિયન્ટર્સનો સંપૂર્ણ ફાળો રહ્યો હતો.



# દીનતા છોડી પ્રભુ પરાયણ બનો એજ જીવન જીવવાનો યોગ્ય માર્ગ છે

ગાંધીનગર, તા. ૧૬

ભાગવતના અનેક પ્રસંગોમાં કૃષ્ણ-લીલા, તેનું બુધ્ધિચાતુર્ય અને વ્યવહારિક સમજણનું દર્શન થાય છે. મહાભારતના યુધ્ધમાં છળની મદદથી, દ્રૌપદીજીને ભીષ્મ પિતામહ પાસે અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ અપાવી, યુક્તિપૂર્વક પિતામહની શૂરવીરતાથી પાંચ પાંડવોનું સુરક્ષા કવચ માગી લઈ પિતામહની પ્રતિજ્ઞાનું ખંડન કરાવ્યું. એજ રીતે યુધ્ધ સંગ્રામમાં હથિયાર નહિ ઉઠાવવાની પ્રતિજ્ઞા છતાં રથના પૈડાના ચક્રનું હથિયાર બનાવનાર શ્રીકૃષ્ણ જીવનમાં સમય અનુસાર વર્તવાની, જડતા ન રાખી, વ્યવહારિક પ્રવાહિતાની જીવનમાં અગત્યતા સમજાવે છે.

ભાગવત ગ્રંથમાં સમાન્વિત પ્રત્યેક પાત્ર મનુષ્ય અવતારની ગરિમાપૂર્ણ અને હિમાલય જેવી અદભૂત ઉંચાઈનું દર્શન કરાવે છે.

શ્રીકૃષ્ણ પાસે આશીર્વાદ માગતા માતા કુંતી કહે છે પ્રભુ અમારા પર અવારનવાર વિપત્તિ આવતી રહે એવું વરદાન આપો, જેથી આપ અમારી પાસે આવો અને અમારૂ માર્ગદર્શન કરતા રહો. પ્રભુનું સામીપ્ય પામવા વિપત્તિને આવકારવાની તૈયારી પરમ ભક્તની પ્રભુનિષ્ઠા બતાવે છે જે ઉદાહરણીય છે.

બાણશૈયા પર હોવા છતાં પાંડવોને ધર્મ ઉપદેશ આપવાની શ્રીકૃષ્ણની આજ્ઞાનું પાલન ભીષ્મ પિતામહ દ્વારા થયું જેમાં સ્ત્રીધર્મ વિષયક દ્રૌપદીના સંવેદનશીલ પ્રશ્ન સામે માફી માગવાની નમ્રતા પિતામહ દ્વારા દાખવવામાં આવે છે, જે આ યુગમાં જીવતા મનુષ્ય માટે પ્રેરણા સ્વરૂપ છે.

વિદુરજી અને વિદુરાણી દ્વારા દેહભાવ ભૂલીને પ્રભુસેવા, પ્રભુ પ્રત્યે સમર્પિતતા કેવી હોવી જોઈએ એ સંકેત આપી જાય છે. આપણે સહુ વારંવાર કલિયુગનો ઉલ્લેખ તો કરીએ છીએ પરંતુ ભાગવત્ અનુસાર એનો વાસ જેમાં કહેવાય છે એવા જુગાર, મદિરા, પરસ્ત્રીસંગ, હિંસા અને સુવર્ણનો મોહ છોડી શકતા નથી.

દીનતા-ગરીબડાપણું છોડી પ્રભુ પરાયણ બનો એજ મનુષ્ય જીવન જીવવાનો યોગ્ય માર્ગ છે. એમ ભાગવત્ કહે છે. ચતુંશ્ર્લોક ભાગવતનો ઉપદેશ નારાયણે, બ્રહ્માજીને આપ્યો. આ ચતુંશ્ર્લોક ભાગવતનો પ્રભાવ અને મહીમા અનેરો છે...ભાગવત્ પ્રેમીઓ માટે આ ખૂબ મહત્વ ધરાવે છે.

આવી અનેક અદભૂત ઉપદેશાત્મક વાતો સાથે બીજા દિવસની સમાપ્તી થઈ...

- મમતા રાવલ




સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા મોબાઈલ વાન ફરતા દવાખાના દ્વારા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના ગરીબ દર્દીઓને દવા વિના મૂલ્યે આપવાનું સેવા કાર્ય કરવામાં આવે છે. જે અંતર્ગત ઓએનજીસી હેલ્થ સેન્ટર ચાંદખેડા દ્વારા સિસિકાને સેવા માટે દવાઓ આપવામાં આવી હતી.

# જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા સભ્યો માટે પોઈચા તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧૬

શહેરની સેવાકીય સંસ્થા જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા ગૃપનાં સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે ૧૪મી ડિસેમ્બરના રોજ પોઈચા નીલકંઠ ધામ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં પ્રવાસનું આયોજન નવભારત ટ્રાવેલ્સનાં સહયોગથી કરવામાં આવેલ હતું. આ પ્રવાસમાં ૧૭૫ થી વધુ સભ્યો ઉત્સાહભેર જોડાયાં હતાં.

આ સમગ્ર પ્રવાસનાં આયોજનમાં મધુસુદન વોરા-પ્રમુખ, ભરતભાઈ કોટડીયા-સેક્રેટરી, આર.ડી.ગાંધી, નીરજભાઈ દોશી, શીતાગભાઈ વોરા, નિલેષભાઈ શાહ, ધીરેનભાઈ વોરા, સંજયભાઈ પી. શાહ તથા તમામ કારોબારીના સભ્યોનો ખાસ ફાળો રહ્યો હતો.



# શહેરની દીકરીએ રકતદાન કરી વૃધ્ધનો જીવ બચાવ્યો



ગાંધીનગર, તા.૧૬

બેટી બચાવો બેટી પઢાવોના નારા સમગ્ર દેશમાં સંભળાય છે. સાથે દેશની દીકરીઓ સાથે બનતા અણબનાવો ક્ષોભનીય છે. પરંતુ કહેવાય છે કે એક સ્ત્રી સમાજને તારે છે. એવું જ ઉદાહરણ શહેરની એક ૨૩ વર્ષની દિકરી મીલી ટાટરીયાએ પુરું પાડયું છે. શહેરના સે-૫ના રહેવાસી ફોરેસ્ટ ઓફિસર તરીકે રીટાયર્ડ થયેલા ઈશ્વરભાઈ દેસાઈના મકાનના રીનોવેશનના કામમાં નવી તાજી દિવાલ તેમના પર ધસી પડતા તેમને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. હાઈટેક હોસ્પિટલમાં દાખલ થયેલ આ દર્દીને ન્યૂરોસર્જન દ્વારા તાત્કાલિક ઓપરેશન કરવાની સલાહ આપવામાં આવી અને જે સંદર્ભે બ્લડની ઈમરજન્સી ઉભી થતા નજીકના મિત્ર વિનોદભાઈ ઉદેચા અને યુવા સેવક પ્રિયંક ઠકકરના સંયુકત પ્રયાસ બાદ યુવાન દીકરીનો સંપર્ક કરી બ્લડ ડોનેટ કરવા વિનંતી કરવામાં આવી અને તે ફકત દસ મિનિટમાં જ હાજર થઈ. તેણે બ્લડ આપી ઈશ્વરભાઈનો જીવ બચાવ્યો હતો. દીકરીને હોસ્પિટલ તથા પરિવારજનો સર્વે દ્વારા ધન્યવાદ પાઠવવામાં આવ્યા હતા.

# મહિલાઓના સન્માન કાજે યોજાઈ ''દિશા'' સ્લો સાયકલ રાઈડ



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં રવિવારની સવારે એક અનોખી સાયકલરેલી યોજાઈ હતી. જેમાં શહેરની દિકરીઓએ ૧૦ કિલોમીટર સુધી સ્લો સાયકલીંગ કર્યુ હતુ જેમને દિકરાઓ દ્વારા રક્ષણ પુરૂ પાડવામાં આવ્યુ હતુ. જી-૩ સાયકલ કલબ દ્વારા આયોજિત ''દિશા'' સાયકલ રાઈડનો ઉદ્દેશ દેશભરમાં મહિલાઓ પર થઈ રહેલા દુષ્કર્મ અને અત્યાચારની ઘટનાઓ પ્રત્યે વિરોધ વ્યક્ત કરવાનો અને શુરક્ષિત સમાજનો સંદેશ પુરો પાડવાનો હતો.

''દિશા'' સાયકલ રાઈડનો પ્રારંભ ચ-૦થી કરવામાં આવ્યો હતો. જેમાં દરેક મહિલા સાયકલ સવારને બર્ડ માનવામાં આવી હતી. જેને એક પુરૂષ ''રક્ષક'' સુરક્ષા પ્રદાન કરી રહ્યો હતો. આ સાયકલ રાઈડમાં સૌથી નાની વયનો ''રક્ષક'' ૬ વર્ષની વયનો બાળક હતો જેણે પોતાની નાની બહેનની સાયકલ રાઈડને સુરક્ષા પુરી પાડી હતી. આ અનોખી સાયકલ રાઈડે શહેરીજનોને ભારે અચરજ પમાડી હતી. સાયકલ રાઈડ દરમ્યાન દિકરીઓ ''અમારે ભણવુ છે'', ''મહિલાઓ કા વિકાસ હૈ દેશકા અસલી વિકાસ'', ''પુરૂષ હો મહિલાઓ કા સન્માન કરો'' ''મુઝે ઉડને દો'' જેવા સુત્રો લખેલા બેનર્સ પોતાના ટીશર્ટ પર લગાડ્યાં હતા. ''દિશા'' સ્લો સાયકલ રાઈડને જી-૩ સાયકલ કલબનું પિન્કી ઝાએ સંચાલન કર્યુ હતુ.

# દહેગામ-નરોડા માર્ગ પર ડમ્પર કાર વચ્ચે અકસ્માત : બેના મોત

ગાંધીનગર, તા.૧૬

દહેગામ- નરોડા માર્ગ પર અકસ્માતનો સિલસિલો યથાવત રહે છે. આંતરે દિવસે આ માર્ગ પર અકસ્માત સર્જાય છે અને નિર્દોષ વાહનચાલકો મોતને ભેટે છે. ત્યારે આજે બપોરના સુમારે દહેગામ-નરોડા માર્ગ પર કાર-ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ચાંદખેડાના બે સગા ભાઈઓએ જીવ ગુમાવવો પડ્યો હતો. તાજેતરમાં ઉદેપુરમાં આપઘાત કરનાર પરિવારના મોડાસાના પરિવારના સગા થાય છે. આ ભાઈઓ પણ કાર લઈને મોડાસા જઈ રહ્યા હતા તે સમેય અકસ્માત નડ્યો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સૌજપુર બોઘાના શૈલેષભાઈ શાહ (એ-૩૬, બી.કે.ટેનામેન્ટ) પોતાના સગા એવા ચાંદખેડાના બે ભાઈઓ પરાગભાઈ વ્રજવલ્લભભાઈ મોદી, મેહુલભાઈ વ્રજવલ્લભભાઈ મોદી સાથે કારમાં મોડાસા જવા માટે નીકળ્યા હતા. આ સમયે વડોદરા ગામના પાટીયા પાસે જી.જે.૦૭.વાય.ઝેડ.-૩૩૪૪ નંબરનુ ડમ્પર અને કાર સામસામે અથડાતા કારનો ભુક્કો બોલાઈ ગયો હતો. આ અકસ્માતમાં બંન્ને સગાભાઈ પરાગભાઈ અને મેહુલભાઈની ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું. જયારે શૈલેષભાઈ ગંભીર રીતે ઈઝા પામ્યા હતા.

# જિલ્લાની એકમાત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા માટે જમીનની ફાળવણી કરાઈ

**દહેગામ સ્થિત વિજ્ઞાન પ્રવાહની શાળા લાંબા સમયથી ભાડાના મકાનમાં કાર્યરત છે**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર જિલ્લાની એકમાત્ર સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા વર્ષોથી ભાડાના મકાનમાં કાર્યરત છે. જયારે આ શાળાને ભાવિ સમયમાં પોતાનુ બિલ્ડીંગ મળી રહે તે દિશામાં પ્રયાસો હાથ ધરાયા છે. અલબત્ત આ શાળા સંકુલ માટે દહેગામ નજીક કપડવંજ માર્ગ પર જમીન ફાળવવામાં આવી છે. વર્ષોથી ભાડાના મકાનમાં કાર્યરત આ વિજ્ઞાન પ્રવાહની શાળાને આખરે જમીન ફાળવવામાં આવતા રૂપાંતરિક કર ભરવા માટે પણ ટુંકમાં પ્રકીયા હાથ ધરાશે.

ગાંધીનગર જિલ્લાની એકમાત્ર સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના સંકુલ માટે આખરે જગ્યા ફાળવવામાં આવી છે. દહેગામ સ્થિત વિજ્ઞાન પ્રવાહની આ ઉચ્ચતર માધ્યમિક શાળા ઘણાં સમયથી ભાડાના મકાનમાં કાર્યરત છે. જેના લીધે આ શાળાને પોતાની જમીન તેમજ બિલ્ડીંગ મળે તેવી લાગણી અને માંગણી છેલ્લા ઘણાં સમયથી પ્રબળ બની છે. જો કે આખરે આ શાળાને દહેગામ કપડવંજ માર્ગ પર જમીન ફાળવવામાં આવી છે. જો કે હજુ આ મામલે જરૂરી રૂપાંતરિત કર ભરવાની પ્રકીયા પણ બાકી છે. કરની ચુકવણી અને જરૂરી પ્રકીયાના અંતે દહેગામની આ શાળાને જમીનનો કબજો મળતા આગામી દિવસોમાં શાળા સંકુલને નવુ પોતાનુ બિલ્ડીંગ બાધવા માટે પણ જરૂરી ગતિવિધિ હાથ ધરાશે. ગાંધીનગર જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા એક જ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. અલબત્ત સરકારી વિજ્ઞાન પ્રવાહની આ શાળા લાંબા સમયથી ભાડાના મકાનમાં કાર્યરત છે.જયારે આગામી દિવસોમાં આ શાળા સંકુલ અદ્યતન અને સુવિધાયુક્ત બનશે તેમ પણ મનાઈ રહ્યુ છે.



ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર એલઈડી લાઈટ લગાવી ઝળહળતો પ્રકાશ રેલાવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જોકે એલઈડી લાઈટનુ મેન્ટેનન્સ યોગ્ય રીતે થતુ નથી તે પણ હકીકત છે. સેક્ટર-૧૬ સરકારી દવાખાના જવાના રસ્તે થાંભલા પર એલઈડી લાઈટ લટકી રહી છે અને બંધ છે. રાહદારીઓ અને વાહનચાલકોને અંધારાનો સામનો કરવો પડી રહ્યો છે.

# સાબરમતી જેલ ખાતે ''ગાંધી તકતી''નું અનાવરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૬

સમગ્ર રાષ્ટ્ર પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મ જયંતિ ઉજવી રહ્યું છે. આઝાદીની લડત સમયે રાષ્ટ્રપિતાએ અનેકવાર જેલવાસ




વેઠ્યો હતો જેમાં તા. ૧૧મી થી ૨૦મી માર્ચ, ૧૯૨૨ દરમ્યાન તેઓને અમદાવાદની ઐતિહાસિક સાબરમતી મધ્યસ્થ જેલના ગાંધીયાર્ડમાં રાખવામાં આવ્યા હતા. આ સંસ્મરણોને સ્મરણાંજલિરૂપે સાબરમતી મધ્યસ્થ જેલમાં ''ગાંધી તકતી''ની સ્થાપના કરવામાં આવી છે જે ૩૮૩ ફૂટના કાળા ગ્રેનાઈટની કલાત્મક તકતીમાં પૂ. બાપુના રેખાચિત્ર સાથે તેમના હસ્તાક્ષર અને તે ઘટનાનો ઈતિહાસ પણ આવરી લેવામાં આવ્યો છે.

''ગાંધી તકતી''નું અનાવરણ રાજયના જેલ અને સુધારાત્મક વહીવટના અધિક પોલીસ મહાનિર્દેશક ડૉ. કે.એસ. રાવ, નાયબ પોલીસ મહાનિર્દેશક ડૉ. એસ.કે. ગઢવી, મધ્યસ્થ જેલના અધિક્ષક ડૉ. એમ.કે. નાયક, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી, ભાલ નળકાંઠા ખાદી ગ્રામોક્ષેત્ર મંડળના ચેરમેન ગોવિંદસિંગ ડાભી, સિનિયર જેલર ડી.ડી. પ્રજાપતિ વગેરેની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બંદીવાનોને ગાંધી-મેઘાણી ગીતોની હૃદયસ્પર્શી રજૂઆત પણ કરી હતી.

# વિધાનસભા ખાતે દરબાર સાહેબ ગોપાળદાસ દેસાઈના જન્મદિવસે પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૧૬

દરબાર સાહેબ ગોપાળદાસ દેસાઈના ૧૩૩મા જન્મદિવસે આગામી તા. ૧૯ ડિસેમ્બર-૨૦૧૯ના રોજ સવારે ૧૧ કલાકે વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનું વિધાનસભા અધ્યક્ષ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

# શહેરમાંથી ૬ ટાટા સુમો ગોલ્ડ ચોરનાર વાહનચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં વાહનચોરીના બનાવ તો આંતરે દિવસે બને છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સરકારી ટાટા સુમો ગોલ્ડ વાહનની ઉઠાંતરીના કિસ્સામાં પણ વધારો થઈ રહ્યો હતો. ત્યારે એલસીબી પોલીસે તેરસાપરા ચોકડી નારદીપુર તરફથી આવતા માર્ગ પરથી સેકટર-૭ માંથી ટાટા સુમો ગોલ્ડ ચોરી કરનાર આરોપીને પકડી પાડી ૬ ટાટા સુમો ગોલ્ડ ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. પોલીસે રૂ.૩.૫૦ લાખની ગાડી કબ્જે લઈ આરોપી સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ સરકારી ટાટા સુમો ગોલ્ડ ચોરીના કિસ્સાઓ વધી રહ્યા છે, તેને અટકાવવા માટે જરુરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું.

જેને પગલે એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીએસઆઈ ડી.એસ.રાઓલ અને વી.કે.રાઠોડ સહિતની ટીમના સભ્યો જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન રાજવીરસિંહ અત્તરસિંહ તેમજ પો.કો.વિજયસિંહ નવલસિંહને ખાનગી રાહે બાતમીમળી હતી કે



તાજેતરમાં સેકટર-૨૧માંથી ચોરી કરેલી ટાટા સુમો ગોલ્ડ ગાડી સાથે ઝડપાયેલ આરોપી લાડુરામ ઉર્ફે હનુમાન જોરારામ માનાજી બિશ્નોઈ (રહે. ગામભાટીપ, તા.રાનીવાડા, જી.ઝાલોર, રાજસ્થાન)ને નંબર વિનાની ટાટા સુમો ગાડી સાથે તેરસાપરા ચોકડી પાસે, નારદીપુર તરફથી આવતા માર્ગ પરથી પકડી પાડ્યો હતો. નંબર વિનાની ટાટા સુમો ગોલ્ડ ગાડી અંગે ઈસમની પોલીસે પુછપરછ કરતા અને આધાર પુરાવા માગતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો. જેથી પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા આ ગાડી આજથી પાંચ માસ અગાઉ સેકટર-૭ માંથી ચોરી કરી હોવાની જણાવ્યું હતું. તે ઉપરાતં આ ઈસમે સેકટર-૭ અને સે-૨૧ વિસ્તારમાંથી ૬ ટાટા સુમો ગોલ્ડ ચોરી કરી હોવાનું કબુલાત કરી હતી. પોલીસે આરોપીની પુછપરછ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ચોરી કરેલી ટાટા સુમો રાજસ્થાનમાં નજીવી કિંમતે વેચી મારતો હતો

જયારે ચોર ઈસમની મોડસઓપરેન્ડી મુજબ તે શહેરમાં રાત્રીના સમયે જુદા જુદા સેકટરોમાં ફરતો હતો અને જયાં ટાટા સુમો ગોલ્ડ ગાડી નજરે પડે ત્યાંથી ગણતરીની મીનીટમાં ઉઠાવી ફરાર થઈ જતો હતો. ગાંધીનગરથી ચોરી કરેલી ટાટા સુમો ગાડી તે રાજસ્થાનમાં નજીવી કિંમતે વેચી મારતો હતો